જીગર
Jigar Publicity
Publisher of Industrial Directory
+91 99989 80519


# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL

(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 18 ISSUE : 10 DATE: 16- 08 -2026 (વિક્રમ સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ ચોથ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026


# કેબિનેટે ત્રણ નવા કેમિકલ પાર્ક બનાવવાની યોજનાને મંજૂરી આપી

## દરેક કેમિકલ પાર્ક માટે ઓછામાં ઓછી ૮ ચોરસ કિલોમીટર (૨,૦૦૦ એકર) વિવાદમુક્ત જમીન ઉપલબ્ધ કરાવવી પડશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે દેશમાં ત્રણ સમર્પિત કેમિકલ પાર્ક સ્થાપવા માટે "'ભારત ઔદ્યોગિક વિકાસ યોજના રસાયણ (BHAVYA Rasayan)'"ને મંજૂરી આપી છે. આ યોજનાની જાહેરાત નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના કેન્દ્રીય બજેટમાં કરવામાં આવી હતી.

આ યોજના માટે ૩,૦૩૦ કરોડ રૂપિયાનું કુલ નાણાકીય આયોજન કરવામાં આવ્યું છે. તેમાં ૩,૦૦૦ કરોડ રૂપિયા કેમિકલ પાર્કમાં સહિયારા માળખાકીય સુવિધાઓ (કોમન ઈન્ફ્રાસ્ટ્રક્ચર) અને પાયાની સુવિધાઓના વિકાસ પાછળ ખર્ચવામાં આવશે, જ્યારે ૩૦ કરોડ રૂપિયા વહીવટી ખર્ચ માટે નિર્ધારિત કરવામાં આવ્યા છે. આ યોજના નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭થી ૨૦૩૦-૩૧ એટલે કે પાંચ વર્ષ સુધી અમલમાં રહેશે.

યોજના હેઠળ કેન્દ્ર સરકાર દરેક કેમિકલ પાર્ક માટે મહત્તમ ૧,૦૦૦ કરોડ રૂપિયાની સહાય આપશે. આ માટે સંબંધિત રાજ્ય સરકારે ઓછામાં ઓછા ૫૦૦ કરોડ રૂપિયાનું યોગદાન આપવું પડશે.

સરકારના જણાવ્યા અનુસાર, ભવ્ય રસાયણ યોજનાથી કેમિકલ ઉદ્યોગની સમગ્ર વેલ્યુ ચેઈનને પ્રોત્સાહન મળશે. તેનાથી અપસ્ટ્રીમ, ડાઉનસ્ટ્રીમ અને સહાયક ઉદ્યોગોના વિકાસને વેગ મળશે, સંસાધનોનો વધુ સારો ઉપયોગ થશે અને લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો થશે.

યોજના હેઠળ વિકસાવવામાં આવનારા સહિયારા માળખાકીય માળખા અને સુવિધાઓથી ભારતીય કેમિકલ ઉદ્યોગની કિંમત સ્પર્ધાત્મકતા વધશે અને તે વૈશ્વિક બજારમાં વધુ સ્પર્ધાત્મક બની શકશે. સાથે જ, આ યોજના ભારતને ગ્લોબલ વેલ્યુ ચેઈન સાથે વધુ સારી રીતે જોડવામાં, નિકાસ વધારવામાં અને આયાત પરની નિર્ભરતા ઘટાડવામાં પણ મદદરૂપ થશે.

સરકારે જણાવ્યું છે કે આ યોજના પર્યાવરણને અનુકૂળ ઔદ્યોગિક વિકાસને પણ પ્રોત્સાહન આપશે. આ અંતર્ગત પાર્કોમાં કોમન એફ્લુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP), ટ્રીટમેન્ટ, સ્ટોરેજ એન્ડ ડિસ્પોઝલ ફેસિલિટી (TSDF) અને હેઝાર્ડસ વેસ્ટ મેનેજમેન્ટ જેવી કેન્દ્રીયકૃત સુવિધાઓ વિકસાવવામાં આવશે. તેનાથી પર્યાવરણ સંબંધિત નિયમોનું વધુ સારી રીતે પાલન સુનિશ્ચિત થશે.

કેમિકલ ઉદ્યોગના વિકાસથી કૃષિ, કાપડ, ફાર્માસ્યુટિકલ્સ, ન્યુટ્રાસ્યુટિકલ્સ, બાંધકામ, ઓટોમોબાઈલ અને ઈલેક્ટ્રોનિક્સ જેવા અનેક અન્ય ક્ષેત્રોને પણ લાભ મળશે. સરકારનું માનવું છે કે તેનાથી રોકાણ, રોજગાર અને આર્થિક વિકાસને વેગ મળશે તથા 'વિકસિત ભારત ૨૦૪૭' અને આત્મનિર્ભર ભારતના લક્ષ્યને ગતિ મળશે.

યોજના હેઠળ રાજ્યોની પસંદગી ચેલેન્જ રૂટના માધ્યમથી કરવામાં આવશે. દરેક કેમિકલ પાર્ક માટે ઓછામાં ઓછી ૮ ચોરસ કિલોમીટર (૨,૦૦૦ એકર) વિવાદમુક્ત જમીન ઉપલબ્ધ કરાવવી પડશે.

આ પાર્કોમાં પ્લગ-એન્ડ-પ્લે સુવિધાઓ વિકસાવવામાં આવશે. તેમાં કોમન એફ્લુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP), ટ્રીટમેન્ટ, સ્ટોરેજ એન્ડ ડિસ્પોઝલ ફેસિલિટી (TSDF), પાણી પુરવઠા અને વિતરણ પ્રણાલી, સોલ્વન્ટ રિકવરી અને ડિસ્ટિલેશન સુવિધાઓ, સ્ટીમ ઉત્પાદન તથા વિતરણ નેટવર્ક, ઈન્ટરકનેક્ટેડ પાઈપલાઈન નેટવર્ક, લોજિસ્ટિક્સ અને વેરહાઉસિંગ સુવિધાઓનો સમાવેશ થશે.


























## અંકલેશ્વર ONGC ખાતે ૮૦મા સ્વતંત્ર દિવસની ભવ્ય ઉજવણી



અંકલેશ્વર ONGC ખાતે દેશના ૮૦મા સ્વતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ONGCના મોટી સંખ્યામાં કર્મચારીઓ તેમજ જાહેર જનતા ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રધ્વજ તિરંગો લહેરાવી દેશભક્તિના માહોલ વચ્ચે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

દેશભક્તિ, એકતા અને રાષ્ટ્રગૌરવના રંગે રંગાયેલો જોવા મળ્યો અંકલેશ્વર ONGCનો પરિસર. દેશના ૮૦મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે શુક્રવારે અંકલેશ્વર ONGC ખાતે ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે ONGCના ઉચ્ચ અધિકારીઓ, મોટી સંખ્યામાં કર્મચારીઓ તેમજ આસપાસના વિસ્તારના જાહેર જનતા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર પરિસર તિરંગાથી શણગારવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રધ્વજ તિરંગાને સલામી સાથે લહેરાવીને કરવામાં આવી. ધ્વજવંદન બાદ રાષ્ટ્રગાન ગુંજ્યું અને સમગ્ર વાતાવરણ દેશભક્તિમય બન્યું હતું.

આ પ્રસંગે વક્તાઓએ દેશની આઝાદી માટે શહીદ થયેલા વીરોને યાદ કરીને તેમના બલિદાનને સલામ કરી હતી. સાથે જ ONGCના કર્મચારીઓ દ્વારા દેશની પ્રગતિમાં પોતાના યોગદાનને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ પણ લેવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન દેશભક્તિના ગીતો અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણીને વધુ રંગીન બનાવવામાં આવી હતી.

## અંકલેશ્વર GIDCમાં રસ્તા ઉપર રખડતાં ઢોર પાંજરે પૂર્વનું અભિયાન

અંકલેશ્વર જીઆઈડીસીના રહેણાંક વિસ્તારોમાં રસ્તે રખડતા ઢોરના ત્રાસ બાદ નોટિફાઈડ એરીયા ઓથોરીટી હરકતમાં આવ્યું છે અને સપ્તાહમાં બીજી વખત રસ્તે રખડતા ઢોરને પકડવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતના રહેણાક વિસ્તારોમાં રખડતા પશુઓનો ત્રાસ જોવા મળી રહ્યો છે. આખલાઓ બાખડતા વાહનોને અડફેટમાં લેવાના અને અકસ્માતમાં બનાવો સામે આવ્યા હતા. ત્યારે નોટીફાઈડ એરીયા ઓથોરિટીનું તંત્ર હરકતમાં આવ્યું હતું.અંકલેશ્વર નોટિફાઈડ એરીયા ઓથોરીટી દ્વારા સપ્તાહમાં બીજી વખત અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતના રહેણાંક વિસ્તારોમાં રખડતા ઢોર પકડવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.આ ઝુંબેશ દરમ્યાન ઢોર માલિકો સાથે ઘર્ષણ ન સર્જાય એ માટે પોલીસ બંદોબસ્ત પણ સાથે રાખવામાં આવ્યો હતો.આ ડ્રાઈવ દરમ્યાન કુલ ૧૧ પશુને પકડી તેને ભરૂચ પાંજરાપોળ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ ઝુંબેશ દરમ્યાન એક આખલાએ હુમલાનો પ્રયાસ કરતા થોડા સમય માટે વાતાવરણ તંગ બન્યું હતું.

# ONGC અંકલેશ્વર એસેટે રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ-૨૦૨૬ની ઉજવણી કરી



ભારત સરકારના "વોકલ ફોર લોકલ" અને "આત્મનિર્ભર ભારત" અભિયાનને સમર્થન આપવા તથા સમગ્ર દેશમાં ઉજવાઈ રહેલા રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ-૨૦૨૬ના ભાગરૂપે ONGC અંકલેશ્વર એસેટ દ્વારા તા. ૭થી ૯ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન અંકલેશ્વર સ્થિત ONGC કોલોનીના કમ્યુનિટી સેન્ટર ખાતે ત્રણ દિવસીય હેન્ડલૂમ મેળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ મેળો હેન્ડલૂમ વણકરો, કારીગરો અને સ્વસહાય જૂથોને તેમના ઉત્પાદનોનું પ્રદર્શન કરવા તેમજ ONGCના કર્મચારીઓ, તેમના પરિવારજનો, પેન્શનરો અને સ્થાનિક સમુદાયના સભ્યોને સીધા ઉત્પાદનોનું વેચાણ કરવા માટે એક સશક્ત પ્લેટફોર્મ પૂરું પાડનાર સાબિત થયો હતો.

**ONGCના માર્ગદર્શન હેઠળ આયોજન**

આ હેન્ડલૂમ મેળાનું આયોજન શ્રી આર. રવિ કુમાર, GGM–એસેટ મેનેજરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. તેમાં શ્રી એમ.જી. મહેતા, CGM–ASM, શ્રી અજય કુમાર એક્કા, CGM–હેડ HR સહિત એસેટના તમામ સંબંધિત વિભાગો અને કલેક્ટિવ્સના સક્રિય સહયોગથી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

આ પહેલ દ્વારા સ્વદેશી ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા, ભારતની સમૃદ્ધ કાપડ પરંપરાનું જતન કરવા તેમજ પરંપરાગત કારીગરોને ટકાઉ રોજગાર અને આજીવિકાનો સહારો આપવા માટે ONGCની સતત પ્રતિબદ્ધતા પ્રતિબિંબિત થઈ હતી.

**વિવિધ હેન્ડલૂમ અને હસ્તકલા ઉત્પાદનોનું પ્રદર્શન**

મેળામાં દેશના વિવિધ વિસ્તારોમાંથી મેળવવામાં આવેલા અસલ હેન્ડલૂમ અને હસ્તકલા ઉત્પાદનોની વિશાળ શ્રેણી રજૂ કરવામાં આવી હતી. જેમાં પરંપરાગત સાડીઓ, ડ્રેસ મટિરિયલ, સ્ટોલ, શાલ, ખાદી વસ્ત્રો, ઘર સજાવટની સામગ્રી, ડેકોરેટિવ વસ્તુઓ તથા અન્ય હસ્તકલા ઉત્પાદનોનો સમાવેશ થતો હતો.

મુલાકાતીઓને કારીગરો સાથે સીધો સંવાદ કરવાની, હેન્ડલૂમ વણાટમાં આવતી કુશળતા અને કારીગરીને સમજવાની તેમજ ભારતની વિવિધ કાપડ પરંપરાઓના સાંસ્કૃતિક મહત્વને નજીકથી જાણવાની તક મળી હતી.

**એક દિવસનો મેળો ત્રણ દિવસ સુધી લંબાવાયો**

મૂળરૂપે આ કાર્યક્રમનું આયોજન માત્ર એક દિવસ માટે કરવામાં આવ્યું હતું. પરંતુ ONGCના કર્મચારીઓ, તેમના પરિવારજનો, પેન્શનરો અને સ્થાનિક રહેવાસીઓ તરફથી મળેલા ઉત્સાહજનક પ્રતિસાદને પગલે એસેટ મેનેજમેન્ટ દ્વારા મેળાને વધુ બે દિવસ લંબાવવામાં આવ્યો હતો.

ઉદ્ઘાટનના પ્રથમ દિવસે જ ૫૦૦થી વધુ મુલાકાતીઓ મેળાની મુલાકાતે આવ્યા હતા. જ્યારે ત્રણ દિવસ દરમિયાન કુલ મુલાકાતીઓની સંખ્યા ૨,૦૦૦ને પાર કરી હતી. આ સાથે મેળો તાજેતરના સમયમાં એસેટ દ્વારા આયોજિત સૌથી સફળ કોમ્યુનિટી એંગેજમેન્ટ પહેલોમાંનો એક બન્યો હતો.

**કારીગરોને સીધો બજાર અને વ્યવસાયની તકો**

આ મેળાથી ભાગ લેનારા કારીગરોને વ્યવસાયની સારી તકો પ્રાપ્ત થઈ હતી. સાથે જ મુલાકાતીઓમાં ભારતના હેન્ડલૂમ ક્ષેત્રાને સમર્થન આપવાના મહત્વ અંગે પણ જાગૃતિ ઊભી થઈ હતી. દેશભરમાં લાખો વણકરો અને કારીગરોની આજીવિકા હેન્ડલૂમ ક્ષેત્ર સાથે સંકળાયેલી છે.

કારીગરો અને ગ્રાહકો વચ્ચે થયેલા સીધા સંવાદથી કારીગરોને ન્યાયી બજાર પ્રવેશ મળ્યો હતો અને ગ્રાહકોને અસલ સ્વદેશી ઉત્પાદનો ખરીદવા માટે પ્રોત્સાહન મળ્યું હતું.

**ONGC દ્વારા તમામ જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવી**

કાર્યક્રમને સફળ બનાવવા માટે ONGC અંકલેશ્વર એસેટે તમામ ભાગ લેનારા પ્રદર્શકોને વ્યાપક લોજિસ્ટિક સપોર્ટ અને જરૂરી સુવિધાઓ પૂરી પાડી હતી. ONGC કોલોની પરિસરમાં મેળાનું આયોજન સરળતાથી થઈ શકે તે માટે એસેટ તરફથી સંપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો.

આ સહયોગને કારણે કારીગરો પોતાનું સંપૂર્ણ ધ્યાન ઉત્પાદનોના પ્રદર્શન અને મુલાકાતીઓ સાથે સીધા સંવાદ પર કેન્દ્રિત કરી શક્યા હતા.

મેળાને મળેલા અભૂતપૂર્વ જનપ્રતિસાદે હેન્ડલૂમ ઉત્પાદનો પ્રત્યે લોકોમાં વધી રહેલી પ્રશંસાને ઉજાગર કરી હતી. પરંપરાગત કારીગરોને ગ્રાહકો સાથે સીધા જોડવા માટે સંસ્થાકીય પ્લેટફોર્મ ઊભાં કરવાની જરૂરિયાત પણ આ પહેલથી સ્પષ્ટ થઈ હતી.

**સાંસ્કૃતિક વારસાના જતન સાથે CSRની પ્રતિબદ્ધતા**

આ પહેલ દ્વારા ONGCની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) પ્રત્યેની પ્રતિબદ્ધતા પણ સ્પષ્ટ થઈ હતી. સાંસ્કૃતિક વારસાનું જતન, ગ્રામીણ કારીગરોનું સશક્તિકરણ અને સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવાના પ્રયાસોને આ મેળાએ વેગ આપ્યો હતો.

રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ-૨૦૨૬ અંતર્ગત આયોજિત આ સફળ હેન્ડલૂમ મેળો ONGC અંકલેશ્વર એસેટના સર્વસમાવેશક વિકાસ, ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક ધરોહરના સંરક્ષણ અને 'આત્મનિર્ભર ભારત'ના રાષ્ટ્રીય સંકલ્પને સાકાર કરવાની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન બની રહ્યો છે. હેન્ડલૂમ, ખાદી અને અન્ય સ્વદેશી ઉત્પાદનોને સતત પ્રોત્સાહન આપવાની ONGCની પ્રતિબદ્ધતાને પણ આ પહેલે વધુ મજબૂત બનાવી છે.

## ESIC સાથે જોડાયેલા શ્રમિકોને વધુ નિષ્ણાત આરોગ્ય સેવાનો લાભ મળશે

ગાંધીનગર : રાજ્યની વધુ ૬ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલોમાં કર્મચારી રાજ્ય વીમા નિગમ-ગુજરાત-ઈએસઆઈસીમાં નોંધાયેલા વીમાધારક શ્રમિકોને તથા તેમના આશ્રિતોને વિનામૂલ્ય સારવારનો તથા પેથોલોજી રિપોર્ટ કાઢવવાનો લાભ મળશે. ઈએસઆઈસી-ગુજરાત અને રાજયમા શ્રમ-રોજગાર વિભાગે ૫ હોસ્પિટલો તથા એક પેથોલોજી લેબ સાથે સમજૂતી કરાર કર્યા છે. આ ૫ હોસ્પિટલોમાં વલસાડની શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર, સુરેન્દ્રનગરની શ્રીમદ્ રાજચંદ્ર સર્વમંગલ હોસ્પિટલ અને સી.યુ.શાહ મેડિકલ કોલેજ તેમજ રાજકોટની ૩ હોસ્પિટલો-શ્રી ગિરિરાજ હોસ્પિટલ, ગોકુલ લાઈફકેર પ્રાઈવેટ લિમિટેડ, તથા એન.એમ.વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ અને રાજકોટની એક પેથ લેબ-ડૉ.ભટ્ટ પેથોલોજી લેબોરેટરી સમાવિષ્ટ છે. ઈએસઆઈસી-ગુજરાતે આ અગાઉ રાજયની ૨૬ હોસ્પિટલો સાથે કરાર કરેલા છે, જેમાં યુ. એન.મહેતા હાર્ટ હોસ્પિટલ, ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ, ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, એઈમ્સ-રાજકોટ, જીએમઈઆરએસ હોસ્પિટલો સામેલ છે. હજી રાજયમાં વધુ ૪૫ હોસ્પિટલો તથા આરોગ્ય સંસ્થાઓ સાથે એમઓયુ કરવાની પ્રક્રિયા ઈએસઆઈસી દ્વારા ચાલી રહી છે. રાજયમાં ૧૭.૦૧ લાખ જેટલા વિમાધારક કામદારો તથા ૯૩,૫૦૦ જેટલા કામદારો ઈએસઆઈસી-ગુજરાત સાથે નોંધાયેલા છે. શ્રમ-રોજગાર મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું હતું કે, ઈએસઆઈ સાથે વધુ હોસ્પિટલોના જોડાણથી શ્રમિક પરિવારોને મજબૂત આરોગ્ય સુરક્ષા કવચ મળશે.

## ભરૂચ જિલ્લા વહીવટી તંત્રને ગુજરાત કેમિકલ પોર્ટ લિમિટેડ દહેજ તરફથી ૬ આધુનિક રેસ્ક્યુ સુપ્રત કરાઈ

ભરુચ ખાતે જિલ્લા કલેકટર કચેરી વહીવટી તંત્ર દ્વારા ભરૂચ જિલ્લાના આપત્તિ વ્યવસ્થાપનને વધુ સુદ્રઢ અને સક્ષ્ જ બનાવવાના ભાગરૂપે ભરૂચ જિલ્લા વહીવટી તંત્રને 'ગુજરાત કેમિકલ પોર્ટ લિમિટેડ' (GCPL) કંપની દહેજ દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વ પ્રવૃત્તિ અંતર્ગત ૬ જેટલી આધુનિક 'રેસ્ક્યુ બોટ' ફાળવવામાં આવી છે. સંભવિત પૂર કે જળ-આપત્તિના સમયે ઝડપી રાહત અને બચાવ કામગીરી હાથ ધરી શકાય તે હેતુથી આ બોટ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેના અનુસંધાને રેસ્ક્યુ બોટ અર્પણ સમારોહ યોજાયો હતો.

આ તકે વાગરાના ધારાસભ્ય અરૂણસિંહ અને ભરુચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભવિષ્યની કોઈપણ પ્રકારની જળ-આપત્તિ કે કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે આ ૬ બોટ પૈકી ૩ બોટ ભરૂચ નગરપાલિકાને અને ૩ બોટ અંકલેશ્વર નગરપાલિકાને સોંપવામાં આવી છે. જયાં ભરૂચ નગરપાલિકા દ્વારા નર્મદા નદીના ભરૂચ તરફના તમામ તાલુકાઓ અને કાંઠાના વિસ્તારોને સેવા પૂરી પાડશે. જયારે અંકલેશ્વર નગરપાલિકા નર્મદા નદીના (અંકલેશ્વરઅને હાંસોટ તરફના તમામ તાલુકાઓ અને વિસ્તારોને કવર કરશે.


નર્મદા નદીના બંને કિનારે આવેલા તમામ તાલુકાઓ અને ગ્રામ્ય વિસ્તારોને કટોકટીના સમયે આ સેવાનો તાત્કાલિક લાભ મળી રહે તે પ્રકારનું સુચારૂ આયોજન કરવામાં આવ્યું છે. આ બોટના સંચાલન અને તકનીકી જાળવણી માટે ચીફ ઓફિસરશ્રીની દેખરેખ હેઠળ નગરપાલિકાની તાલીમબદ્ધ ફાયર બ્રિગેડ ટીમ'ને બોટ હેન્ડઓવર કરવામાં આવી છે, કારણ કે તેમની પાસે જરૂરી ટેકનિકલ સ્ટાફ અને અનુભવી ટીમ ઉપલબ્ધ છે.

ગુજરાત કેમિકલ પોર્ટ લિમિટેડના આ સરાહનીય યોગદાનથી ભરૂચ જિલ્લાના આપત્તિ વ્યવસ્થાપન તંત્રની સજ્જતામાં વધારો થયો છે અને પૂર જેવી કટોકટીની સ્થિતિમાં નાગરિકોની સુરક્ષા વધુ સુદ્રઢ બનશે. આ તકે, ધારાસભ્યા અરૂણસિંહ અને ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, અન્ય પદાધિકારીઓ, પ્રાંત અધિકારી શ્રી મનીષા મનાણી, ચીફ ઓફિસર, ફાયર ઓફિસર, ડિઝાસ્ટર મામલતદાર, ગુજરાત કેમિકલ પોર્ટ લિમિટેડ (GCPL) કંપની દહેજના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં. હતાં.

# અંકલેશ્વર એસ્ટેટમાં ડી.એ. આનંદપુરા બર્ડ પાર્કનું ઉદ્ઘાટન કરાયું







તારીખ ૧ લી ઓગસ્ટે અંકલેશ્વર જીઆઈડીસી એસ્ટેટ ખાતે માનવમંદિરની સામેની ગલીમાંથી એસ્ટેટમાં જવાના રસ્તા પાસે ડી.એ. આનંદપુરા બર્ડ પાર્કનો શુભારંભ કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં મોટી સંખ્યામાં AEPS, AIA અને નોટિફાઈડના પદાધિકારીઓ અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ બર્ડ પાર્કનો ઉદેશ અહીં ઉછેરેલા છોડ મોટા થઈને વૃક્ષ બને અને તેના ફળો પક્ષીઓ આરોગે અને આનંદથી અહીં રહે. એટલેકે વૃક્ષો મોટા થશે ત્યારે સ્થાનિક પક્ષીઓ તેમજ સ્થળાંતરિત પક્ષીઓ આપમેળે આવશે તેવી આશા રખાઈ રહી છે. આશરે ૫૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં આ બાર્ડ પાર્ક વિસ્તરેલ છે. જેમાં ૨૦ પ્રકારના વૃક્ષો ઉગાડવામાં આવ્યા છે. જેમાં ૧૦૦૦ જેટલા વૃક્ષોના છોડ રોપવામાં આવ્યા છે. અહીં ઉગાડવામાં આવેલ વૃક્ષોના છોડમાં દાડમ, સીતાફળ, જમરૂખ, ચીકુ, આંબો, રાયણ, જાંબુ, આંબલી, ઊમરો , લીંબુ, ખાખરો, કમરખ, ચેરી, આમળા , ગોરસ આંબલી, ખાટી આંબલી, વડ , બીલીપત્ર, વાંસ અને શેતુરનો સમાવેશ થાય છે.

અંકલેશ્વરની કોહીઝોન કંપની દ્વારા તેને તૈયાર કરવામાં તેમજ તેના રખરખાવ માટે આર્થિક સહયોગ આપેલ છે. જીઆઈડીસી દ્વારા ટોકન ભાવે જમીન આપવામાં આવેલ છે. અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન તેમજ નોટીફાઈડ દ્વારા સહયોગ પ્રાપ્ત થયેલ છે.

બર્ડ પાર્કનું ઉદ્ઘાટન કોહીઝોનના વાઈસ પ્રેસિડેન્ટ (હ્યુમન કેપીટલ ) પ્રવીણ જોશીના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમની સાથે અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ વિમલ જેઠવા અને અંકલેશ્વર નોટીફાઈડના ચેરમેન પ્રબોધ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે AEPS ના ચેરમેન અતુલ બુચનું સન્માન કરવામાં આવ્યું હતું. AEPS ના સ્થાપક ડી.એ . આનંદપુરાને અંકલેશ્વર એસ્ટેટ માટે તેમને કરેલા કાર્યોને વાગોળીને યાદ કરવામાં આવ્યા હતા. આ બર્ડ પાર્કનું નામ તેમના નામ ઉપરથી રાખવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઘર સુરક્ષા માટે તૈયાર કરેલ પુસ્તિકા "ગૃહ સુરક્ષા માર્ગદર્શિકા"નું વિમોચન કરવામાં આવ્યું હતું. જેમાં ઘરમાં અને વ્યક્તિગત રીતે અકસ્માત થતા અટકાવવા માટે કઈ કઈ કાળજી લેવી જોઈએ તે વિષે માહિતી આપવામાં આવી હતી.

નોટિફાઈડના ચેરમેન પ્રબોધ પટેલે જણાવ્યું હતું કે આમ તો આ પ્રોજેક્ટ માર્ચના અંત સુધીમાં પૂર્ણ થઇ જવાનો હતો પરંતુ ડ્રેનેજ લાઈનનું કામ કરવાનું હોવાથી થોડો મોડો પડ્યો છે. આ પ્રોજેક્ટને આગળ વાલિયા રોડ સુધી લંબાવવાનું સૂચન કર્યું હતું.

કે. શ્રીવત્સને માહિતી આપી હતી કે સંસ્થા દ્વારા કોહીઝોનના સહયોગથી સેંગપુર ખાતે ગ્રીનબેલ્ટ તૈયાર કરવામાં આવ્યો છે. તેમજ કંટીયાજાળ ખાતે મેન્ગ્રોવ ઉગાડેલ છે.

આ પ્રસંગે AEPS ના પૂર્વ ચેરમેન એન .કે. નાવડીયા, મનસુખ વેકરીયા, કે. શ્રીવત્સન , AIA ઉપપ્રમુખ વાલમજી દેસાઈ, સેક્રેટરી નિલેશ પટેલ, નોટીફાઈડ ઓફિસર ચિરાગ પટેલ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત SEAC 2026 : પ્રોજેક્ટ મૂલ્યાંકન માટે નવા સભ્યો, ભૂમિકા અને કાર્યકાળ

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEFCC) દ્વારા ૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ભારતના રાજપત્ર (Gazette of India)માં જાહેર કરાયેલા નોટિફિકેશન મુજબ ગુજરાત માટે ★★સ્ટેટ લેવલ એક્સપર્ટ એપ્રેઝલ કમિટી (SEAC)★★ની રચના કરવામાં આવી છે.

પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ પ્રાપ્ત સત્તાઓનો ઉપયોગ કરીને કેન્દ્ર સરકારે ગુજરાત રાજ્ય સરકાર સાથે પરામર્શ કર્યા બાદ ગુજરાત માટે નવી રાજ્ય સ્તરીય નિષ્ણાત મૂલ્યાંકન સમિતિની રચના કરી છે.

સમિતિની રચના, સભ્યપદ, કાર્યકાળ અને કામગીરી અંગેની મુખ્ય વિગતો નીચે મુજબ છે:

૧. સમિતિની રચના

સમિતિમાં એક અધ્યક્ષ, શૈક્ષણિક અને વ્યવસાયિક ક્ષેત્રના વિવિધ નિષ્ણાત સભ્યો તેમજ એક સભ્ય સચિવનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- અધ્યક્ષ: શ્રી દેવાંગ મહિપતલાલ ઠાકર (અમદાવાદ)
- સભ્ય: શ્રી હિતેન્દ્ર વિઠ્ઠલદાસ મોજીદ્રા (અમદાવાદ)
- સભ્ય: ડૉ. જયેશ રૂપેરેલિયા, પ્રોફેસર અને કેમિકલ એન્જિનિયરિંગ વિભાગના ભૂતપૂર્વ ૐ૬, નિરમા યુનિવર્સિટી
- સભ્ય: ડૉ. ખ્યાતિ કે. મોદી (વલસાડ)
- સભ્ય: પ્રો. (ડૉ.) નયન કે. જૈન, ભૂતપૂર્વ સિનિયર પ્રોફેસર (અમદાવાદ)
- સભ્ય સચિવ: ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ના સિનિયર એન્વાયર્નમેન્ટલ એન્જિનિયર / એન્વાયર્નમેન્ટલ એન્જિનિયર (વર્ગ-૧)

૨. કાર્યકાળ અને મુખ્ય જવાબદારી

કાર્યકાળ: અધ્યક્ષ અને સભ્યોનો કાર્યકાળ ભારતના સત્તાવાર રાજપત્રમાં નોટિફિકેશન પ્રસિદ્ધ થયાની તારીખથી ચાર વર્ષનો રહેશે.

મુખ્ય કામગીરી: સમિતિની મુખ્ય જવાબદારી ખાણકામ સિવાયના તમામ પ્રોજેક્ટના પર્યાવરણીય મૂલ્યાંકન (Appraisal) અથવા પુનઃમૂલ્યાંકન (Re-appraisal) કરવાની રહેશે.

નિર્ણય પ્રક્રિયા: જીઈછઝ દ્વારા કરવામાં આવેલી ભલામણો અંતિમ નિર્ણય માટે સ્ટેટ લેવલ એન્વાયર્નમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરિટી (SEIAA) સમક્ષ રજૂ કરવામાં આવશે.

૩. કામગીરીના મુખ્ય સિદ્ધાંતો

સામૂહિક જવાબદારી: સમિતિ સામૂહિક જવાબદારીના સિદ્ધાંત પર કાર્ય કરશે.

સંમતિ આધારિત નિર્ણય: દરેક કેસમાં સર્વસંમતિ સુધી પહોંચવાની જવાબદારી અધ્યક્ષની રહેશે. જો સર્વસંમતિ ન બને, તો બહુમતીનો અભિપ્રાય માન્ય રહેશે.

કાર્યપદ્ધતિ: સમિતિએ વર્ષ ૨૦૦૬ના મૂળ નોટિફિકેશન ★★S.O. 1533(E)★★માં નિર્ધારિત પ્રક્રિયાઓ અને સત્તાઓનું પાલન કરવાનું રહેશે.

૪. હિતોના ટકરાવ અને નૈતિક નિયમો

પારદર્શિતા જાળવવા અને હિતોના ટકરાવને ટાળવા માટે સમિતિના સભ્યો માટે ચોક્કસ નિયમો નક્કી કરવામાં આવ્યા છે.

જાહેરાત ફરજિયાત: સભ્યોએ તેઓ જે કોઈ કન્સલ્ટન્સી સંસ્થા અથવા પ્રોજેક્ટ પ્રોપોનન્ટ સાથે સંકળાયેલા હોય તેની વિગતો જાહેર કરવી પડશે.

કન્સલ્ટન્સી પર પ્રતિબંધ: કાર્યકાળ દરમિયાન જે પ્રોજેક્ટનો નિર્ણય સત્તાધિકારી દ્વારા લેવામાં આવવાનો હોય અથવા જેનું મૂલ્યાંકન સમિતિ દ્વારા થવાનું હોય, તેવા પ્રોજેક્ટ માટે સભ્યો Environmental Impact Assessment (EIA) અથવા Environment Management Plan (EMP) તૈયાર કરવામાં સહાય કરી શકશે નહીં.

હિતોના ટકરાવમાં અલગ રહેવું: જો કોઈ સભ્યે અગાઉના પાંચ વર્ષ દરમિયાન કોઈ પ્રોજેક્ટ પ્રોપોનન્ટને કન્સલ્ટન્સી આપી હોય અથવા તેના માટે EIA અભ્યાસ કર્યો હોય, તો તે સભ્યે સંબંધિત પ્રોજેક્ટ પ્રોપોનન્ટના પ્રોજેક્ટ અંગેની બેઠક અને ચર્ચાથી પોતાને અલગ રાખવું પડશે.

૫. વહીવટી અને નાણાકીય સહાય

સચિવાલય: ગુજરાત સરકાર સમિતિ માટે એક એજન્સીને સચિવાલય તરીકે નિયુક્ત કરશે. આ સચિવાલય સમિતિને જરૂરી નાણાકીય અને લોજિસ્ટિક સહાય, જેમાં પરિવહન અને રહેવાની વ્યવસ્થા પણ સામેલ છે, પૂરી પાડશે.

માનદ વેતન અને ભથ્થાં: સમિતિના સભ્યોને બેઠક ફી (Sitting Fees), મુસાફરી ભથ્થું (Travel Allowance) અને મોંઘવારી ભથ્થું (Dearness Allowance) ગુજરાત રાજ્ય સરકારના લાગુ નિયમો મુજબ ચૂકવવામાં આવશે.

## કચ્છના વાયોર વિસ્તારમાં કંપનીના ઝેરી પ્રદૂષણથી લોકોના સ્વાસ્થ્ય પર વિપરીત અસર જોખમ

નલિયા : કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના વાયોર ખાતે આવેલ સિમેન્ટ કંપની દ્વારા ફેલાવવામાં આવતાં પ્રદૂષણ સામે ભાજપના જ ચૂંટાયેલા મહિલા સદસ્ય અને અબડાસા તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન હીરબાઈ બુચિયાએ રણશિંગું ફૂંક્યું છે. તેમણે આ બાબતે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવીને પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ હેઠળ તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

મુખ્યમંત્રીને કરાયેલી લેખિત રજૂઆતમાં હીરબાઈએ ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું છે કે, અલ્ટ્રાટેક કંપનીના કોલસા યાર્ડમાં વારંવાર લાગતી આગ અને સિમેન્ટ સાયલોમાંથી ઊડતી ઝેરી ભૂકી તેમજ ધુમાડાને કારણે વાયોર, ફુલાય અને આસપાસના ગ્રામજનોના આરોગ્ય સામે મોટું જોખમ ઊભું થયું છે. સ્થાનિક લોકોમાં શ્વાસ, આંખ અને ચામડીના રોગોનું પ્રમાણ સતત વધી રહ્યું છે. વધુમાં, ફેક્ટરીનું કેમિકલયુક્ત ગંદુ પાણી વાયોર ગામનાં તળાવ અને અન્ય જળસ્ત્રોતોમાં ભળતાં પીવાનાં પાણી અને ખેતીને વ્યાપક નુકસાન થઈ રહ્યું છે. કુલાય ગામની સીમમાં ઔદ્યોગિક કચરાના મોટા ઢગલા ખડકવામાં આવ્યા હોવાથી ભૂગર્ભ જળ પ્રદૂષિત થઈ રહ્યાં છે, જેની માઠી અસર પશુધન પર પણ પડી રહી છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, જિલ્લા કલેક્ટર, શ્રમ કમિશનર અને ખાણ-ખનિજ વિભાગ સહિતના ઉચ્ચ અધિકારીઓને પણ નકલ રવાના કરી તાકીદે તપાસની માંગ કરી છે.

## ચીનમાં એક જ વર્ષમાં વાંદરાઓની કિંમત બમણી, મેડિકલ રિસર્ચ પર સંકટ

ચીનની ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રી અત્યારે એક વિચિત્ર સમસ્યાનો સામનો કરી રહી છે. મેડિકલ ક્ષેત્રે આગળ વધવાની આ સ્પર્ધામાં કંપનીઓ માટે હવે સૌથી મોટો પડકાર કોઈ નવી ટેકનોલોજી કે મોટું રોકાણ નથી. પરંતુ પ્રયોગશાળાઓમાં પરીક્ષણ માટે વપરાતા વાંદરાઓ બની ગયા છે. નવી દવાઓના ક્લિનિકલ ટ્રાયલ્સ માટે સૌથી વધુ ઉપયોગમાં લેવાતા સાઈનોમોલગસ મકાક' પ્રજાતિના વાનરોની કિંમત માત્ર એક જ વર્ષમાં અંદાજે બમણી થઈ ગઈ છે. તાજેતરમાં જ ચીનની એક સરકારી લેબોરેટરીએ ૪૦ વાંદરા ખરીદવા માટે પ્રતિ વાંદરા દીઠ આશરે ૨૫ લાખ ચૂકવ્યા હતા.

ચીનમાં નિયમ એવો છે કે કોઈપણ નવી દવાને રેગ્યુલેટરી ક્લિયરન્સ મેળવવા વાંદરાઓ પર પરીક્ષણનો સચોટ ડેટા જમા કરાવવો ફરજિયાત છે. જો આગામી સમયમાં પણ વાંદરાઓની આવી જ અછત યથાવત રહેશે તો ગંભીર રોગોની ઘણી નવી જીવનરક્ષક દવાઓના પરીક્ષણમાં મોડું થશે.

તબીબી સંશોધનો ઝડપથી વધવાને લીધે અછત સર્જાઈ છે. ચીનમાં છેલ્લા કેટલાક સમયથી તબીબી સંશોધનો ખૂબ જ ઝડપથી વધી રહ્યા છે, જેના કારણે લેબમાં પરીક્ષણ માટેના વાંદરાઓની ભારે અછત ઊભી થઈ છે. કેન્સર, મેદસ્વીપણું અને ઓટોઈમ્યુન જેવી ગંભીર તેમજ નવી બીમારીઓની દવાઓ વિકસાવવા માટે અત્યારે મોટા પાયે પ્રી-ક્લિનિકલ ટ્રાયલ્સ ચાલી રહ્યા છે.





ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
Authorised Dealer: SPITMAAN® Sealflex™ Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# અંકલેશ્વર એસ્ટેટમાં રોડ સાઈડ ઉપર કંપનીઓના પાર્કિંગ સામે ઉદ્યોગ મંડળ ખફા

અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતના મુખ્ય માર્ગની બંને બાજુ કેટલીક કંપનીઓમાં આવતા માલ વાહક ભારે વાહનો પાર્ક કરાતા હોય ટ્રાફિક સમસ્યા વધી છે. અંકલેશ્વર ઉદ્યોગ મંડળ દ્વારા આવી કંપનીઓના સંચાલકોને લેખિત નોટિસ પાઠવી કંપનીની અંદર વાહનો પાર્ક કરવા તાકીદ કરી હતી.

અંકલેશ્વર જીઆઈડીસી વસાહતમાં પ્રતિન ચોકડીથી હેક્સ્ટ ચોકડી ઉપરાંત પ્રતિન બ્રિજને અડીને આવેલા કેડિલા ઝાયડ્સ પાસે આવતા મોટા ઉદ્યોગ ગૃહોના વાહનોને કંપનીની પ્રીમાંયસીસમાં પાર્ક કરવા અંકલેશ્વર ઉદ્યોગ મંડળે લેખિતમાં નોટિસ પાઠવી હતી.ઔદ્યોગિક વસાહતમાં પ્રતિન ચોકડીથી હેક્સ્ટ ચોકડી વચ્ચે આવતા જે ઉદ્યોગોને ૧૦,૦૦૦ ચો.મી. કે તેથી વધુ પ્લોટની ફાળવણી થઈ છે. તેઓને જીઆઈડીસીના નિયમોનુસાર તેમની કંપનીના કામે આવતા જતા વાહનો / કર્મચારીના વાહનોની પાર્કિંગની સુવિધા કંપનીની અંદર જ ઉભી કરવાની હોય છે.તેમ છતાં મોટા ભાગના ઉદ્યોગો પાર્કિંગની સુવિધા ઉભી નહી કરતા તેમને ત્યાં આવતા જતા વાહનો રોડ પર પાર્ક કરે છે. તેને લીધે ટ્રાફિકની સમસ્યા ઘેરી બની ગઈ છે તથા વારંવાર અકસ્માતો સર્જાય છે.

આવા મોટા ઉદ્યોગોના વાહનોના પાર્કિંગની વ્યવસ્થા પોતાની કંપનીની પ્રિમાંયસીસમાં જ કરવાની તાકીદ અંકલેશ્વર ઉદ્યોગ મંડળ દ્વારા કરી હતી.મોટા ભાગની મોટી કંપનીઓ દ્વારા કંપની ગેટની બહાર કર્મચારીઓના વાહનો ઉપરાંત માલ વાહક વાહનો રોડ સાઈડ ઉપર પાર્ક કરાવે છે જેને કારણે મુખ્ય માર્ગ ઉપરનો ટ્રાફિક વધવા પામ્યો છે. અંકલેશ્વર વસાહતમાં લાખો રૂપિયાના ખર્ચે ટ્રાન્સપોર્ટનગર બનાવ્યુ છે.જેમાં બહારગામથી આવતા માલ વાહક ટ્રકો કે ટેક્રરોના પાર્કિંગ માટે વિશાળ જગ્યા ફાળવેછે આમ છતાં કંપની સંચાલકો પોતાની કંપનીમાં આવતા વાહનોને કંપની ગેટ બહાર જ પાર્કિંગ કરાવે છે.જેને પગલે ટ્રાફિક ઉપરનુ ભારણ વધે છે.હવે ઉદ્યોગ મંડળ આ વલણ સામે કડક પગલા ભરવા સક્રિય બન્યુ છે.

મળતી માહિતી મુજબ અત્યારે ટ્રાન્સપોર્ટનગરમાં કોઈ દર લીધા વિના વાહનો પાર્ક કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. જેથી ટ્રાન્સપોર્ટરો અને ટ્રક ડ્રાયવરો સુવિધાની જાણકારી મળે અને તેની આદત પડે. જોવાનું રહે કે ટ્રાન્સપોર્ટનગર એસ્ટેટનો ટ્રાફિકનો પ્રશ્ન ઉકેલવામાં કેટલી સફળતા મળે છે. બીજા કેટલાક એસ્ટેટોમાં ટ્રાન્સપોર્ટનગરની સુવિધા લાંબા સમયથી ઉપલબ્ધ છે. તેમની મુશ્કેલીઓ અને અડચણોનો અભ્યાસ કરી તેને નિવારવા પ્રયાસ કરવો જોઈએ.

# AIA, NAO અને GIDC દ્વારા કમલમ ગાર્ડન ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી





અંકલેશ્વર એસ્ટેસ્ટમાં અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, જીઆઈડીસી અને નોટીફાઈડ એરિયા ઑથોરિટીના સંયુક્ત ઉપક્રમે સ્વત્રંતતા દિવસની ઉજવણી કમલમ ગાર્ડન ખાતે કરવામાં આવી હતી. તેમાં મોટી સંખ્યામાં પ્રજનનો ઉપસ્થિત રહ્યા હતા. રહેણાંક વિસ્તારમાં સ્વતંત્રાતા દિવસની ઉજવણીને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ વિમલ જેઠવાના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. વિવિધ સંસ્થાઓ દ્વારા પરેડનું પણ આયોજન કરાયું હતું. દેશભક્તિને લગતા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

# લઘુ ઉદ્યોગ ભારતી - ગુજરાત દ્વારા ઈન્ડસ્ટ્રીયલ એક્સપોનું આયોજન




લઘુ ઉદ્યોગ ભારતી - ગુજરાત દ્વારા આયોજિત ૧૫મો 'ઈન્ડિયા ઈન્ડસ્ટ્રિયલ ફેર (IIF) ૨૦૨૬', ૨૩ થી ૨૬ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન ગાંધીનગર, ગુજરાત સ્થિત હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે યોજાશે. આ મહત્વપૂર્ણ કાર્યક્રમ MSME ક્ષેત્રની ઉત્પાદન ક્ષમતા, ઔદ્યોગિક નવીનતા અને વિવિધ ક્ષેત્રો વચ્ચેના વ્યાપારી નેટવર્કિંગને ઉજાગર કરે છે.

FOR SALE
1. G.L Reactor 100 Litter to 10,000 Litter (2.) G.L Receiver 100 Litter to 10,000 Litter
3. S.S. Reactor 100 Litter to 25,000 Litter (4) Cooling Tower 30TR to 600 TR
5. PP. Filter press size 24", 36", 48" (6) PP. Membrane Filter press size 48x48"
Mr. M.D Patel (M) 98241 01133 Mr. Sajan Patel (M) 98241 08885
Plot No: A1-5301, Opp. Global Trade Center, Near J.P. Industries, Mega Chowkadi,
GIDC, Ankleshwar - 393 002, Dist: Bharuch (Gujarat) INDIA
E-mail: sales@megamachineryindia.com | Web: www.megamachineryindia.com

JESTAR INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901
- All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
- Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
- PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
- All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work
Authorised Dealers for: PHOENIX CONTACT, BROIL, BROTEK, BI BELA INSTRUMENTS, YTC, SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

MEGA MACHINERY
M.D. PATEL +91 98241 01133
Mfg. Of: cGMP Centrifuges
1. Top Discharge Centrifuge
2. Beg Lifting Centrifuge
3. Bottom Discharge Centrifuge
Plot No: A1-5301, Nr. J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002
E-mail: sales@megamachineryindia.com | www.megamachineryindia.com

PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com
Contact For Following Licenses
(1) Methanol Consultant (2) Ethanol Consultant (3) Poison Licence (4) Sulphur Licence (5) Chlorate Licence
(6) Explosive Licence (7) PESO Licence (8) Solvent Consultant (9) MSME Registration (10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

GREENLEAF ENVIROTECH LTD.
93275 65428 | 98751 08709 sales@greenleafenvirotech.in www.greenleafenvirotech.in
Our Environmental Laboratory Accreditation & Recognized by NABL (ISO: 17025), MoEF & CC (EPA 1986) & GPCB SCH-II Environmental Auditors
WHY US?
ESG • SUSTAINABILITY • CLIMATE ACTION SOLUTIONS
- ESG Reporting
- Carbon, Water & Green Credit Advisory
- GHG Accounting & Carbon Footprint Studies
- Sustainability & BRSR Reporting
- Environmental Product Declarations (EPD)
- Environmental Consulting & Due diligence
- Energy & Water Audits
OUR CLIENT
Other Services: Environmental Consulting & Monitoring | Turnkey Wastewater Treatment Solutions | Fire Safety Systems

YATHARTH REFRACTORY LINING WORKS
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER
Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work Boiler Refractory Work
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
THERMAX (Vender)
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com

માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002